### તંત્રની 'લાલ આંખ' | ઠાસરા-વમાલી રોડ પર ખાણ ખનીજ વિભાગનો સપાટો

# ઠાસરામાં ખનીજ ભરેલા ચાર ડમ્પર જપ્ત કરી ₹૩.૦૮ લાખનો દંડ વસૂલાયો

**રોયલ્ટી પાસ** વિના ગેરકાયદે રેતી અને કપચીનું વહન કરતા તત્વોમાં ફફડાટ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

ઠાસરા પંથકમાં ખનીજ ચોરી અને ગેરકાયદેસર વહનના દૂષણને ડામવા માટે ખાણ ખનીજ વિભાગે આક્રમક વલણ અપનાવ્યું છે. ઠાસરા પાસેના વમાલી રોડ પર બાતમીના આધારે હાથ ધરાયેલા સઘન ચેકિંગ દરમિયાન, ક્ષમતા કરતા વધુ અને રોયલ્ટી પાસ વિના ખનીજ ભરીને જતા ચાર ડમ્પરોને અધિકારીઓએ ઝડપી પાડ્યા હતા. નિયમોનો ભંગ કરી સરકારની તિજોરીને નુકસાન પહોંચાડતા આ ડમ્પર માલિકો પાસેથી સ્થળ પર જ રૂપિયા 3 લાખ 8 હજારનો આકરો દંડ વસૂલવામાં આવતા ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.







ઠાસરા-વમાલી રોડ પર ગેરકાયદેસર ખનીજ વહન થતું હોવાની ચોક્કસ બાતમી તંત્રને મળી હતી. જેના આધારે ખાણ ખનીજ વિભાગની ટીમે વોચ ગોઠવી તપાસ હાથ ધરી હતી.

#### રસ્તાઓને નુકસાન અને આવકની ચોરી સહન નહીં કરાય

આ સમગ્ર દરોડા અંગે ખાણ ખનીજ વિભાગના અધિકારી ચંદ્રેશ પરમારે જણાવ્યું હતું કે, વજન મર્યાદા કરતા વધુ લોડ લઈને દોડતા વાહનોને કારણે રસ્તાઓને મોટું નુકસાન થાય છે અને સરકારી આવકને પણ ફટકો પડે છે. આગામી દિવસોમાં પણ આવા તત્વો પર સતત મોનિટરિંગ રાખવામાં આવશે અને નિયમ ભંગ કરનારાઓ સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

આ તપાસ દરમિયાન રોયલ્ટી પાસની મર્યાદા કરતા વધુ વજન ભરેલા 4 ડમ્પરો શંકાસ્પદ જણાતા તેને અટકાવવામાં આવ્યા હતા. તપાસ કરતા માલુમ પડ્યું હતું કે આ વાહનોમાં નિયમ વિરુદ્ધ સાદી રેતી અને બ્લેક ટ્રેપ (કપચી) ભરીને લઈ જવામાં આવી રહી હતી.

ખાણ ખનીજ વિભાગની પ્રાથમિક તપાસમાં પકડાયેલા 4 ડમ્પરો પૈકી એકમાં સાદી રેતી અને અન્ય ત્રણ ડમ્પરોમાં કપચી ઓવરલોડ ભરેલી હતી. આ કાર્યવાહીમાં ડમ્પર માલિકો ભાવેશ, નરવત, રાજુ અને ધર્મેશ સામે કડક પગલાં ભરી સ્થળ પર જ લાખોનો દંડ ફટકારાયો હતો.

### યુવતીને ભગાડી ગયાની શંકામાં ઉશ્કેરાયેલું ટોળું આધેડને ઉઠાવી ગયું

# વીરપુરમાં પ્રેમ પ્રકરણમાં યુવકના કાકાનું અપહરણ

**અરવલ્લીના** માલપુરના ૧૫ શખ્સો સામે વીરપુર પોલીસે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૮

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના માંડલીયા (ખટારીયા) ગામે પ્રેમ પ્રકરણની અદાવતમાં એક આધેડનું અપહરણ થયાની ઘટના પ્રકાશમાં આવી છે. ભત્રીજો કોઈ યુવતીને ભગાડી ગયો હોવાના આક્ષેપ સાથે આવેલા અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના કોથી ગામના શખ્સોએ કાકાનું અપહરણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ છે.

વીરપુરના માંડલીયા ગામે રહેતા કોદરભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત સોમવારની રાત્રે આશરે ૧૧:૪૫ વાગ્યે અરવલ્લીના માલપુર તાલુકાના કોથી ગામના રામાભાઈ ભેમાભાઈ ખાંટ, રામાભાઈ જુજારભાઈ ખાંટ સહિત અન્ય ૧૦ થી ૧૫ માણસો પિકઅપ ડાલું લઈને તેમના ઘરે આવ્યાં હતાં. આ ટોળાએ કોદરભાઈના પૌત્ર અરવિંદ વિશે પૂછપરછ કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે, અરવિંદ તેમની દીકરીને ભગાડી ગયો છે.

જ્યારે પરિવારે અરવિંદ ઘરે ન હોવાનું જણાવ્યું, ત્યારે ઉશ્કેરાયેલા શખ્સોએ ગાળાગાળી શરૂ કરી હતી. આ દરમિયાન કોદરભાઈનો પુત્ર નાનાભાઈ વચ્ચે પડતા, આરોપીઓએ તેને બળજબરીથી પિકઅપ ડાલામાં બેસાડી દીધો હતો અને તેનું અપહરણ કરીને લઈ ગયા હતા.

આ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીઓએ ધમકી આપી હતી કે જ્યાં સુધી દીકરી પાછી નહીં આવે ત્યાં સુધી નાનાભાઈને છોડવામાં નહીં આવે અને જો પોલીસને જાણ કરી તો તેને જાનથી મારી નાખવામાં આવશે. આ મામલે વીરપુર પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

# ખેડાની કંપનીના કર્મીએ પાર્સલ તોડી ₹૧.૩૪ લાખની મતા ચોરી

**સ્માર્ટ વોચ,** ઈયરબડ્સ અને મોબાઈલની ચોરી બદલ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

ખેડાના હરિયાળા ગામની સીમમાં આવેલી 'સેડોફેક્સ ટેકનોલોજી લિમિટેડ' નામની ખાનગી કંપનીમાં કર્મચારીઓ દ્વારા જ લાખોની ચોરી કરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કંપનીના સોર્ટિંગ વિભાગમાં કામ કરતા પાંચ કર્મચારીએ નોકરીના સમય દરમિયાન પાર્સલ તોડી તેમાંથી 1,34,504ની કિંમતના ઈલેક્ટ્રોનિક ઉપકરણોની ચોરી કરી હતી.

આ ઘટનાની વિગત મુજબ કંપનીમાં સિક્યુરિટી વિભાગમાં ફરજ બજાવતા અભિષેકભાઈ ભદોરીયાને 26 મેના રોજ ફ્લોર પરથી ઘડિયાળ અને ઈયરબડ્સના ખાલી અને તૂટેલા બોક્સ મળી આવ્યા હતા. શંકા જતાં સીસીટીવી ફૂટેજ તપાસતા ચોરીની સમગ્ર ઘટના સામે આવી હતી.

ખંભાત તાલુકાના વડોલા ગામના ચાર કર્મચારીઓ - ભાવેશ રાઠોડ, હર્ષદકુમાર પઢીયાર, ઉમેશ પઢીયાર અને રાકેશ પઢીયાર પાર્સલ તોડીને એપલ, નોઈઝ અને ફાસ્ટટ્રેક જેવી બ્રાન્ડની સ્માર્ટ વોચ તથા ઈયરબડ્સ પ્લાસ્ટિકની કોથળીમાં ભરતા જોવા મળ્યા હતા. વસો તાલુકાના દેવાવાટા ગામનો દિપકકુમાર ડોડીયા નામનો કર્મચારી 30,999ની કિંમતનો સેમસંગ મોબાઈલ ચોરીને પેન્ટમાં સંતાડતો કેમેરામાં કેદ થયો હતો. આ અંગે સિક્યુરિટી અધિકારીએ ખેડા ટાઉન પોલીસ મથકે પાંચેય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# સોજિત્રા પંથકમાં શૈક્ષણિક સત્ર પૂર્વે જનસેવા કેન્દ્રમાં વિદ્યાર્થીનો ધસારો

**આવક, જાતિના** દાખલા અને આધારકાર્ડની કામગીરી માટે દૈનિક 100થી વધુ અરજી

(પ્રતિનિધિ) સોજિત્રા તા.૨૮

સોજિત્રા તાલુકામાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શાળા-કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા માટે જરૂરી વિવિધ દાખલાઓ મેળવવા મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરી ખાતે વિદ્યાર્થીઓ અને વાલીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

સોજિત્રા નગર સહિત તાલુકાના 21 ગામોના નાગરિકો માટે આ કચેરીઓ હાલ કામગીરીનું મુખ્ય કેન્દ્ર બની છે. વિવિધ પ્રમાણપત્રો માટે દૈનિક 100થી વધુ અરજીઓ શૈક્ષણિક સત્રને ધ્યાને રાખીને ખાસ કરીને આવકનો દાખલો, જાતિનો દાખલો, નોન-ક્રિમીલિયર સર્ટિફિકેટ, ડોમિસાઈલ પ્રમાણપત્ર તેમજ આધારકાર્ડ સંબંધિત કામગીરી માટે અરજદારોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે. વહીવટી તંત્ર દ્વારા સક્રિયતા દાખવીને દૈનિક 100 ઉપરાંત અરજીઓનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત, વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓ જેવી કે વિધવા સહાય અને વૃદ્ધ સહાય માટે ઈ-કેવાયસી, હયાતીની ખરાઈ અને આધાર અપડેશનની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે. અલબત્ત, વિકેન્દ્રીકરણ અને આધુનિક સુવિધાથી કામગીરી સરળ બની અગાઉની સરખામણીએ હાલમાં ભીડમાં થોડો ઘટાડો નોંધાયો છે, જેનું મુખ્ય કારણ ગ્રામ પંચાયત કચેરીઓમાં વીઈસી મારફતે મળતી આવકના દાખલા અને અન્ય સેવાઓ છે.



#### આધુનિક સુવિધાથી કામગીરી સરળ બની

દાખલા માટે વિકેન્દ્રીકરણને કારણે સ્થાનિક સ્તરે જ કામગીરી થતા તાલુકા મથકે ભારણ ઘટ્યું છે. બીજી તરફ, સોજિત્રામાં કાર્યરત અલગ જનસેવા કેન્દ્ર અરજદારો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. આમ, સુવિધાસભર વાતાવરણને કારણે અરજદારોની સાથે સાથે કર્મચારીઓને પણ કામગીરી કરવામાં સરળતા રહેતી હોવાનું જાણવા મળ્યું છે.

# વડતાલધામના શ્યામવલ્લભ સ્વામીને શ્રદ્ધાંજલિ અપાઈ

**વડતાલમાં** 'મેનેજમેન્ટ ગુરુ' ગણાતા શ્યામ સ્વામીને 'સેવામૂર્તિ'નું બિરુદ અપાયું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ગાદી વડતાલધામના આસિસ્ટન્ટ કોઠારી અને 'મેનેજમેન્ટ ગુરુ' તરીકે જાણીતા શ્યામવલ્લભદાસજી સ્વામીની શ્રદ્ધાંજલિ સભા તાજેતરમાં વડતાલ ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ, વરિષ્ઠ સંતો, મંત્રીઓ અને હજારો હરિભક્તોએ ઉપસ્થિત રહી દિવંગત સંતને અંજલિ અર્પી હતી.

આ પ્રસંગે શ્રદ્ધાંજલિ આપતા આચાર્ય મહારાજે જણાવ્યું હતું કે, શ્યામ સ્વામીએ જે રાજીપો મેળવ્યો છે તે "ન ભૂતો ન ભવિષ્યતી" છે. કુંડળધામના જ્ઞાનજીવનદાસજી સ્વામીએ તેમને "સર્વજન દિલ નિવાસી" ગણાવ્યા હતા. માત્ર 40 વર્ષની યુવાન વયે દેહત્યાગ કરનાર શ્યામ સ્વામી તેમના અદભૂત માઈક્રો-પ્લાનિંગ અને નિઃસ્વાર્થ સેવા માટે જાણીતા હતા. વડતાલધામના મોટા ઉત્સવો અને મહોત્સવો પાછળ તેમનું કૌશલ્ય હંમેશા કાર્યરત રહેતું હતું. તેમની અવિરત સેવાઓની સ્મૃતિમાં વડતાલના સંતો અને ભક્તોએ તેમને સેવામૂર્તિ સંતનું બિરુદ અર્પણ કર્યું છે.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, પૂર્વ કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ અને ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ સ્વામીના મેનેજમેન્ટ ગટ્સ અને નિખાલસ વ્યક્તિત્વને યાદ કર્યા હતા.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનના બી.એડ. સેમેસ્ટર-2નું 100% પરિણામ આવ્યું

**આણંદ** | આઈ.પી. મિશન ટ્રસ્ટ સંચાલિત ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદનું વર્ષ ૨૦૨૫-૨૬નું બી.એડ. સેમેસ્ટર-૨નું પરિણામ સો ટકા આવ્યું છે. યુનિવર્સિટીના ટોપ-૧૦માં કોલેજના કુલ ૦૮ તાલીમાર્થીઓએ સ્થાન મેળવીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. મિત્તલ ભોઈ, એશા પારેખ અને મિલિંદ પરમારે ૯.૬૦ GPA સાથે યુનિવર્સિટીમાં સાતમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઝળહળતી સફળતા બદલ સંસ્થાના ચેરમેન વોલેસ ક્રિશ્ચિયન અને આચાર્ય જતીન પઢિયારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.



### મહીસાગર એસપી સફિન હસને બાલાસિનોર ખાતે જનસંપર્ક યોજી પ્રશ્નો સાંભળ્યાં

**બાલાસિનોર** | મહીસાગર જિલ્લાના નાગરિકોને ઘર આંગણે ન્યાય આપવા જિલ્લા પોલીસ વડા સફિન હસને બાલાસિનોર પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ લોકોની રજૂઆતોનો સ્થળ પર નિકાલ કર્યો હતો. આ પ્રસંગે ચોરીનો ગુનો ઝડપથી ઉકેલાતા અને મુદ્દામાલ પરત મળતા હરખાયેલા અરજદારે પોલીસની તત્પરતાને બિરદાવી જિલ્લા પોલીસ વડાનું સન્માન કર્યું હતું. પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ વધારવાના હેતુથી શરૂ કરાયેલ આ અભિયાન હેઠળ સામાન્ય માણસને ન્યાય મેળવવામાં મુશ્કેલી ન પડે તેની તકેદારી રખાય છે. મહીસાગર પોલીસ દ્વારા આગામી દિવસોમાં પણ આ પ્રકારના લોકદરબાર સતત ચાલુ રાખવામાં આવશે.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની સેંટ સ્ટીફન કોલેજના ઇન્ચાર્જ આચાર્ય તરીકે ડો. અવની દવેની નિમણૂક કરાઇ

**આણંદ** | શહેરની સેંટ સ્ટીફન કોલેજના ઇન્ચાર્જ આચાર્ય તરીકે ડો. અવની દવેની વરણી કરવામાં આવી છે. આ ગૌરવપૂર્ણ અવસરે સંસ્થાના ચેરમેન શ્રી વોલેશ ક્રિશ્ચિયન અને સમગ્ર સ્ટાફ પરિવારે તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. તેમની શૈક્ષણિક કાર્યદક્ષતા અને લાંબા અનુભવને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. ડો. અવની દવેના નેતૃત્વમાં કોલેજ નવી ઊંચાઈઓ સર કરશે અને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.



### આણંદમાં દેશની પ્રથમ 'ગોલબોલ પ્રીમિયર લીગ'માં સુરત સ્ટ્રાઈકર્સની ટીમો બની ચેમ્પિયન

**આણંદ** | આણંદના બાકરોલ સ્થિત યુવી સંકુલ ખાતે દેશની સૌપ્રથમ 'ગોલબોલ પ્રીમિયર લીગ ૨૦૨૬' અને રાજ્ય સ્તરીય ટ્રેનિંગ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સેતુ ટ્રસ્ટ અને બ્લાઇન્ડ સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા આયોજિત આ ઐતિહાસિક કાર્યક્રમમાં રાજ્યભરના ૭૦થી વધુ પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓએ ભાગ લઈ પોતાની રમતનું કૌશલ્ય દાખવ્યું હતું. આ સ્પર્ધાના અંતે બોયઝ અને ગર્લ્સ બંને કેટેગરીમાં સુરત સ્ટ્રાઈકર્સની ટીમ વિજેતા બની હતી, જ્યારે ભુજ વોરિયર્સની ટીમ રનર્સઅપ જાહેર થઈ હતી. આ સમાપન સમારોહમાં મહાનુભાવોના હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.




### આણંદ-ખેડા જિલ્લાના બે પાયલોટોનું શ્રેષ્ઠ સેવા બદલ સન્માન કરવામાં આવ્યું

**આણંદ** | જીવીકે ઇએમઆરઆઈ દ્વારા 1962 પશુ દવાખાનામાં કાર્યરત આણંદના જયદીપસિંહ રાઠોડ અને ખેડાના રાજેશભાઈ સેનવાનું પાયલોટ ડે નિમિત્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમની આપાતકાલીન પરિસ્થિતિઓમાં સમયસર અને જવાબદારીપૂર્વકની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા તેમને એવોર્ડ આપવામાં આવ્યા હતા. સંસ્થાના અધિકારીઓએ બંને પાયલોટોની સેવા પ્રત્યેની નિષ્ઠાને બિરદાવતા તેને સફળતાનો મજબૂત આધારસ્તંભ ગણાવ્યો હતો. આ ઉત્કૃષ્ટ કામગીરી અન્ય કર્મચારીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે તેમ જણાવીને તેમની સમર્પણ ભાવનાની પ્રશંસા કરવામાં આવી હતી.



### પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલના જન્મદિવસે કેડીસીસી બેન્ક પરિવાર દ્વારા શુભેચ્છા પાઠવી

**નડિયાદ** | નડિયાદની ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્ક દ્વારા પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ચેરમેન તેજસકુમાર પટેલ અને સીઇઓ અરવિંદભાઇ ઠક્કરના માર્ગદર્શન હેઠળ બેન્ક પરિવારે તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુની પ્રાર્થના કરી હતી. તેમની સાદગીપૂર્ણ જીવનશૈલી અને સમાજસેવા તથા શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવતા બેન્ક પરિવારે તેમને પ્રેરણાસ્રોત ગણાવ્યા હતા. ઈશ્વર તેમને સતત જનસેવાની શક્તિ પ્રદાન કરે તેવી હાર્દિક શુભકામનાઓ સમગ્ર બેન્ક પરિવાર દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.



### અલ્પેશ એન. પટેલ ઇન્સ્ટિ.ની વિદ્યાર્થીનીઓએ બાયોકેમિસ્ટ્રીમાં યુનિવર્સિટી કક્ષાએ ડંકો વગાડ્યો

**આણંદ** | શહેરની અલ્પેશ એન. પટેલ ઇન્સ્ટિટ્યૂટની ચાર વિદ્યાર્થીનીઓએ એમ.એસસી. બાયોકેમિસ્ટ્રી સેમેસ્ટર-૪ની યુનિવર્સિટી પરીક્ષામાં ટોપ ૧૦માં સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. પલક સોલંકીએ ૭.૯૯ GPA સાથે યુનિવર્સિટીમાં ત્રીજો, ત્વિષા પટેલે ચોથો અને હેમવતી વર્માએ પાંચમો ક્રમ પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા મેળવી છે. આ પરીક્ષામાં સંસ્થાની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સમગ્ર વિભાગ અને કોલેજનું નામ શિક્ષણ જગતમાં રોશન કર્યું છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઇ પટેલ અને સમગ્ર સ્ટાફ પરિવારે વિદ્યાર્થીનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વસોદરા ગામે 'વિશ્વ મધમાખી દિવસ'ની ઉજવણી કરાઇ

**આણંદ** | સાણંદના વસોદરા ગામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અરણેજ, બોસ ઈન્ડિયા ફાઉન્ડેશન અને ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી 'વિશ્વ મધમાખી દિવસ' નિમિત્તે મધમાખી બચાવવા માટે લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. વિરેન્દ્ર પરમારે ખેતીમાં મધમાખી દ્વારા થતા પરાગનયન (પોલીનેશન) ના ફાયદા અને મધમાખી ઉછેરની આધુનિક પદ્ધતિઓ વિશે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી હતી. આ તાલીમમાં વસોદરા અને આસપાસના ગામોના કુલ ૮૨ જેટલા ખેડૂત ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મધમાખી ઉછેર અંગેના પોતાના પ્રશ્નોનું વૈજ્ઞાનિક માર્ગદર્શન મેળવ્યું હતું.




### મહીસાગરના કલાકારે સતત ૧૦ વર્ષ સુધી રોજ એક પેઇન્ટિંગ બનાવી ૩૬૫૧ દિવસનો સંકલ્પ પૂર્ણ કર્યો

**લુણાવાડા** | મહીસાગરના છાયણ ગામના ચિત્રકાર બિપિનચંદ્ર પટેલે ૧૭મી મે ૨૦૧૬થી શરૂ કરેલી અવિરત કલા સાધના ૧૭મી મે ૨૦૨૬ના રોજ કલેશ્વરી ખાતે લાઈવ પેઇન્ટિંગ બનાવીને પૂર્ણ કરી છે. તેમણે સળંગ ૩૬૫૧ દિવસમાં ૩૬૫૧ વોટર કલર પેઇન્ટિંગ્સ બનાવીને વિશ્વ વિક્રમની હેટ્રિક સાથે કલા જગતમાં એક અભૂતપૂર્વ ઇતિહાસ રચ્યો છે. આ સફર દરમિયાન તેઓ ૫ વખત યુનેસ્કો એવોર્ડ અને 'સ્વ. શ્રી રસિકલાલ પરીખ એવોર્ડ' જેવા અનેક પ્રતિષ્ઠિત સન્માનોથી નવાજવામાં આવ્યા છે. તેમના કલાનમૂના અમેરિકા અને ઓસ્ટ્રેલિયા સુધી ગુજરાતની કલાનું ગૌરવ વધારી રહ્યા છે.



### દિવ્યાંગ નવયુગલોના લગ્નોત્સવમાં સેતુ ટ્રસ્ટ દ્વારા મહેંદી-હલ્દી અને ડોલી પ્રેરણાદાયી આયોજન કરાયું



**આણંદ** | શનેશ્વર જયંતિના પાવન અવસરે શ્રી સાંઈબાબા મંદિર, આણંદ દ્વારા સાત દિવ્યાંગ નવયુગલોના સંસ્કારસભર લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેતુ ટ્રસ્ટ દ્વારા પાંચ દિવ્યાંગ દીકરીઓની મહેંદી-હલ્દી રસમ અને નિ:શુલ્ક ડોલી સેવા પૂરી પાડી માનવતા અને સંવેદનાનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. આ ટ્રસ્ટના સ્થાપક સુધાબેન પટેલ અને અન્ય ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવી તેમના સફળ વૈવાહિક જીવન માટે મંગલ કામના કરી હતી.

### પેટલાદ સાર્વજનિક પુસ્તકાલય ખાતે બાળકો માટે સમર કેમ્પનું ભવ્ય આયોજન કરાયું

**પેટલાદ** | પેટલાદની પરીખ ચંદુલાલ કેશવલાલ સાર્વજનિક પુસ્તકાલય ખાતે તાજેતરમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ ધરાવતો સમરકેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પુસ્તકાલયના પ્રમુખ બિંદેશભાઈ, કન્વીનર મયુરીબેન અને મંત્રી હેમંતભાઈના માર્ગદર્શન હેઠળ બાળકોએ ઉત્સાહભેર નવીન કૌશલ્યો શીખ્યા હતા. આ કેમ્પ દરમિયાન બાળકોએ મેળવેલ જ્ઞાનની સુંદર અભિવ્યક્તિ રજૂ કરી હતી, જેને ઉપસ્થિત મહાનુભાવોએ ખૂબ જ બિરદાવી હતી. અંતે તમામ સહભાગી બાળકોને પ્રમાણપત્ર અને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

